નીતિ આયોગ દ્વારા અટલ ઈનોવેશન મિશન અંતર્ગત અંદાજિત ૨૦ લાખ રૂપિયાના ખર્ચે

# મહીસાગરની કિસાન માધ્યમિક વિદ્યાલયમાં અટલ ટીંકરીંગ લેબ કાર્યરત




લુણાવાડા, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નઈ દિશાએ, નયે નિર્માણ, નયા ભારના મંત્ર સાથે પ્રતિભાશાળી બાળકોના નવીન વિચારોને જરૂરી પ્લેટફોર્મ અને વાતાવરણ પુરૂ પાડવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારના નિતી આયોગ દ્વારા અટલ ઈનોવેશન મિશન અંતર્ગત દેશભરની પસંદગી પામેલી શાળાઓમાં મહીસાગર જિલ્લા મથક લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલયમાં અટલ ટીંકરીંગ લેબ સ્થાપવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ બાળ પ્રતિભા અને જિજ્ઞાસા વૃત્તિ સર્જનાત્મકતા અને કલ્પના શક્તિનો યોગ્ય વિકાસ કરીને તેમને વિશ્વ ફલક પર લઈ જવાનો છે.

કેન્દ્ર સરકારના નિતી આયોગ દ્વારા દેશભરની શાળાઓમાંથી અટલ ટીંકરીંગ લેબ માટે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શાળાની ભૌતિક સુવિધાઓ, શાળાના પરિણામ, શિક્ષકોની સંખ્યા, વિજ્ઞાનમાં પ્રાપ્ત કરેલી સિધ્ધીઓ વગેરેને ધ્યાનમાં લઈ આયોગ દ્વારા દેશની અંદાજે ૧૧૦૦ શાળાઓ પસંદ કરવામાં આવી હતી. જેમાં શાળાઓને સ્થાનિક સમસ્યા અને તેનું નિવારણ વિષય અંગેનો પ્રોજેક્ટ લઈને પૂના તેમજ અન્ય પાંચ રાજ્યોના સ્થળોએ શાળાનું પ્રતિનિધિત્વ કરતા તત્કાલીન નિયામક બી એચ પટેલ તથા ભૌતિક વિજ્ઞાનના શિક્ષક નિરવભાઈ ત્રિવેદી અને વિદ્યાર્થીઓની ટીમના પ્રેઝન્ટેશનને આધારે દેશની ૨૫૬ શાળાઓમાં મહીસાગર જિલ્લા મથક લુણાવાડાની કિસાન માધ્યમિક વિદ્યાલય પણ પસંદગી પામી મહીસાગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

વિદ્યાર્થીઓને પ્રતિ સપ્તાહ બે કલાકના બે પિરિયડ દરમ્યાન લઈ જવામાં આવે છે. જેમાં ડિજીટલ અને થ્રિડી પ્રિન્ટર, ઈલેક્ટ્રી, ટેકનીકલ અને મિકેનિકલ વગેરે વિષયોનું માર્ગદર્શન આપવામાં આવે છે. હાલમાં કિસાન વિદ્યાલયમાં પુનાથી ખાસ આ એટીએલ લેબના શિક્ષણકાર્ય માટે આવતા શિક્ષક અમીરખાન વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે વિજ્ઞાન જ્ઞાન આપે છે. જેમાં વર્ચ્યુઅલ રિઆલીટી, આઈરીમ હ્યુમનોઈડ, રોબોટીક્સ, આઈરીમબોટ, રિચેક, થ્રી ડી પ્રિન્ટર, રોબોટીક કીટ, ઓગ્મેન્ટેડ રિઆલિટી, આઈઓટી(ઈન્ટરનેટ ઓફ થીંગ્સ) સહિતના મોડેલ્સ અને ઈનોવેશન્સ વિદ્યાર્થીઓને સૌથી વધુ આકર્ષી રહ્યા છે. આ લેબ સ્થાપનાથી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને કલ્પના શક્તિનો ભરપુર વિકાસ જોવા મળ્યો. શાળાના વિદ્યાર્થી ધ્યેય સંજયકુમાર પટેલે ચેન્નાઈ મુકામે રોબોટીક્સ પ્રીમીયર લીગમાં ભાગ લઈ શાળા તેમજ જિલ્લાને ગૌરવ અપાવ્યું અને અટલ ટીંકરીંગ લેબ સ્થાપનાનો ધ્યેય સિધ્ધ કર્યો.

PRINTED, PUBLISHED AND OWNED BY PATEL VINODCHANDRA MANGAL